Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૩ • તા. ૨૭ માર્ચ ૨૦૧૭ થી ૦૨ એપ્રિલ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી નલિયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દિ વર્ષ તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે શ્રી ગૌતમ સ્વામી પૂજન તથા વીર સ્વામી દેરીની ધ્વજાના લાભાર્થી પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર–નલિયા, મુલુન્ડની ફોટો ઝલક



## શ્રી નલિયા તિર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દિ વર્ષ તથા ૧૭૫ મી ધ્વજારોહણ પ્રસંગે શ્રી સિધ્ધચક મહાપૂજન તથા શ્રી ચંદ્રપ્રભ સ્વામીજી દેરીની ધ્વજાના લાભાર્થી શ્રી નલિયાવાશી ડોંબિવલી મિત્ર મંડળના ફોટોની ઝલક




















# શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ દ્વારા....

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયા અને શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ નલિયા આયોજિત શ્રી કચ્છ નલિયા નગરે શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગ એક ઐતિહાસિક અને યાદગાર પંચાન્હિકા મહોત્સવ રૂપે તા. ૨૬-૧૨-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ના ઉજવાયું.

આ મહોત્સવમાં મહામંગલકારી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને પરમ પૂજ્ય ભગવંત પુણ્યભદ્રસાગર મહારાજ સાહેબ અને આદિઠાણાના સાનિધ્યમાં ભણાવાયું હતું. આ પૂજનના લાભાર્થી પરિવાર તરીકે શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ રહ્યું હતું. આ પાવન પૂજનના દરેક પૂજનમાં અલગ અલગ પરિવારોએ પૂજન કર્યુ હતું અને નલિયામાં પ્રથમ વખત લોકોએ સ્ક્રીન ઉપર ડિસ્પ્લે થતા મંત્રો વાંચી સંપૂર્ણ વિધિથી પૂજન કર્યું હતું. શાંતિ કળશનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન લહેરચંદ હીરજી નાગડા પરિવારે લીધો હતો.

શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળના સભ્યો દ્વારા અને શ્રી વિજય વિશનજી સોની લિખિત અને શ્રી ચેતન લહેરચંદ નાગડા દિગદર્શિત ''નલિયાનું નઝરાણું'' નાટક ભજવાયું હતું આ નાટકના મુખ્ય કલાકાર શ્રી નરેશ મેઘજી છેડા (નવીન માસ્ટર), શ્રી પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા (શામજી બાપા), વંદના ભદ્રીચંદ દંડ (ભચીબાઈ), યશ વીરેન્દ્ર લોડાયા, ચિરાગ પંકજ મોતા, રાજ પ્રવીણ ખોના અને મહેમાન કલાકાર તરીકે કરિશ્મા ચેતન નાગડા તથા આ નાટકના એક ભાગ રૂપ ગરબાના કલાકારોમાં અર્ચના અમિત ખોના, જલ્પા ચેતન છેડા, રોશની પુનિત નાગડા, હંસા પંકજ મોતા, સંગીતા પરેશ શાહ, શીલા નિતિન શિયાળ, કુસુમ જીતેન્દ્ર સાંયા, લક્ષ્મીબેન લોડાયા રહ્યા હતા. આ નાટકનો મુખ્ય ઉદ્દેશ યુવાન પેઢીને કચ્છથી વિમુખ થતી અટકાવી વર્ષમાં એક વખત માદરે વતન આવી વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈ સંસ્થોને જીવંત રાખવી એ સંદેશ આપવાનો રહ્યો હતો...

ધ્વજારોહણના દિવસે શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળે ૬ દેરીમાંની છઠ્ઠી દેરી પ્રભુ ચંદ્રપ્રભ જિનાલયનું ધ્વજારોહણ કરવાનો લાભ લીધો હતો. સંપૂર્ણ વિધિથી અષ્ટ પ્રકારી પૂજા ધ્વજ દંડને કર્યું હતું. સંઘમાં આનંદ ને ઉત્સાહ છવાઈ ગયો હતો. એકમેકને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળે આ પંચાન્હિકા મહોત્સવમાં એક દિવસ સંપૂર્ણ આંગી (પ્રભુ અંગ રચના)નો લાભ લીધો હતો. નયનરમ્ય આંગીઓ સૌનું ધ્યાન ખેંચ્યુ હતું. આ મહોત્સવમાં શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ સંઘપૂજન કરવાનો પણ લાભ લીધો હતો.

પંચાન્હિકા મહોત્સવની કમિટી દ્વારા શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળના સભ્યોને આ પંચાન્હિકા મહોત્સવમાં વિવિધ ક્ષેત્રોમાં મુખ્ય અને સહ વોલેન્ટીયર તરીકેની જવાબદારી સોંપાઈ હતી. દરેક સભ્યો તન મન અને ધનના સુમેળ સંગમથી પોતાની જવાબદારીઓ સંભાળી લીધી હતી. ટ્રેનની ટિકિટોની બુકીંગની મુખ્ય જવાબદારી શ્રી અમિત જેઠાલાલ ખોના, શ્રી પરેશ મોતીચંદ ખોના, શ્રી ચેતન લહેરચંદ નાગડા ખૂબ સુંદર રીતે નીભાવી હતી. અન્ય વિવિધ ક્ષેત્રોમાં વિધિ મંડપ, મંગલગૃહ, ભોજનકક્ષ, કાર્યાલય, ટ્રાન્સપોર્ટેશન, દરેક ક્ષેત્રોમાં દરેક સભ્યોએ પોતાની અમૂલ્ય સેવા આપી હતી. શ્રી વીરેન્દ્રભાઈ ભવાનજી લોડાયા વારંવાર વોલેન્ટીયર સભ્યોને સૂચન આપી માર્ગદર્શન કરી ઉત્સાહમાં વધારો કરી પોતાના અનુભવથી પ્રભાવકારી નેતૃત્વ કરતા રહ્યા હતા...

મંડપ દ્વારા નલિયા તિર્થનું દેરાસર ભવ્યાતિભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું તે સૌના માટે આશ્ચર્ય પમાડે એવું હતું અને મનમોહિત કરનારું હતું. શ્રી વીરેન્દ્રભાઈ લોડાયા અને એમની ટિમે એ માટે ઘણા દિવસોથી અથાગ મહેનત કરી હતી, સાથે સુંદર અંગરચના નયનરમ્ય અને મનોહર હતી...

સંપૂર્ણ પંચાન્હિકા મહોત્સવમાં નલિયા મહાજન પ્રમુખ શ્રી મુલચંદભાઈ પદમશી મોતા તથા સભ્યો અને શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ ટ્રસ્ટી શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા, અને શ્રી વીરેન્દ્રભાઈ ભવાનજી લોડાયા અને વડીલ ટ્રસ્ટીઓના સુમેળ ભર્યા સંચાલન અને સંકલનથી આ મહોત્સવ વિશ્વ સ્તરે ગુંજી ઉઠ્યું હતું અને ઈતિહાસના પાને અંકિત થઈ ગયું હતું.

શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ દરેક લાભાર્થી પરિવારોનું અંતઃપૂર્વક દિલથી આભાર માને છે. આપના સહયોગ વિના પંચાન્હિકા મહોત્સવમાં આટલા કાર્યો અને આટલો લાભ લેવો અશક્ય હતો. આપના અનુદાનની વારંવાર અમે અનુમોદના કરીએ છીએ.

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 13/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## જ્ઞાતિ મિલકતોની ઉપયોગિતા જાળવી રાખવા અત્યારે રખાય છે તેથી ઘણી વધુ સતર્કતા અને પારદર્શકતા આવશ્યક છે...

સમયના વહેણ સાથે વ્યક્તિની જેમ સમુદાયના પણ સંજોગો સતત બદલાતા રહે છે. દરેક સમુદાયને સંબંધિત સમયગાળા પ્રમાણે અલગ અલગ પ્રકારની મિલકતોની આવશ્યકતા જણાય છે.

આવી આવશ્યકતા બધા સમુદાયોને જણાય છે પણ પારસી, ભાટીયા, લોહાણા તેમજ સવિશેષ કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિની જેમ બહુ ઓછા ભાગ્યશાળી સમુદાયો હોય છે જેના આગેવાનો અને દાતાઓએ સાથે મળીને આ બાબત નક્કર પરિણામ લાવી બતાવ્યા હોય.

કમભાગ્યે છેલ્લા ચારેક દાયકામાં અહીં વર્ણવેલ અન્ય સમુદાયોની જેમ કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ પણ પોતાના વડવાઓએ સમય સમય પર ઊભી થતી આવશ્યકતાઓને પૂરી કરવા માટે ઊભી કરેલી મિલકતોને વ્યવસ્થિત રીતે જાળવવા, તેનું સમયોચિત નવીનીકરણ કરવાની ફરજ પૂરી કરવામાં નિષ્ફળ નીવડી છે.

આમ કેમ બન્યું તેના કારણોમાં ઊંડા ઉતરીએ એ પહેલાં કચ્છી દશા ઓસવાળ સમાજની કઈ કઈ મિલકતો, જે એક જમાનામાં બહુ સારી રીતે ઉપયોગમાં લેવાતી હતી તથા જ્ઞાતિના સમાજ જીવનને સમૃધ્ધ બનાવનાર હોવા સાથે જ્ઞાતિનું ગૌરવ ગણાતી હતી. પણ આજે તે પૂરતા પ્રમાણમાં ઉપયોગમા લેવાતી નથી તથા જ્ઞાતિને એને માટે મોટો ખર્ચ કરવો પડતો હોય તેની યાદી જોઈ લઈએ.

એક જમાનામાં શિક્ષણ જ્યોતમાંથી અનેક જ્યોત જગાવવામાં નિમિત્ત બનનાર નલીયા ખાતેની શેઠશ્રી નરશી નાથા બોર્ડીંગની વિશાળ જગ્યા પણ આજના વખતને સુસંગત તેનો શું ઉપયોગ થઈ શકે એ અંગે વિચારણા ન થઈ હોવાથી એમજ પડી છે.

શેઠશ્રી નરશી નાથા દ્વારા જ માંડવીના કાંઠા પર નિર્મિત ધરમશાળાએ લગભગ ૧૦૦ વર્ષ સુધી જ્યારે કચ્છથી મુંબઈ આવવા-જવા રેલ્વે નહોતી અને બધો વહેવાર દરિયાઈ માર્ગે સ્ટીમરો દ્વારા ચાલતો હતો તે વખતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આજ તે પણ જર્જરિત અવસ્થામાં ઊભી છે. માંડવી ધરમશાળાની સંભાળ કરવાની જવાબદારી જેમને સોંપાયેલી તે લોકોએ જેમને રૂમો ભાડેથી આપેલા તેમાંના કેટલાક મોટા ભાગનાએ રૂમો ખાલી કરી દીધી છે, માત્ર ચારેક જણ ને થોડા લાખની તેમની માગણી પૂરી નથાય ત્યાં સુધી નીકળવાના નથી છે. ત્યાં નાના વૃદ્ધાશ્રમ સાથે સરસ મજાનું અતિથીગૃહ થઈ શકે તેમ છે. આ બાબત પ્રાથમિક વિચારણા થઈ હોવા છતાં પણ વાત વિસારે પડી છે.

વીરજી લધાભાઈની મિલકતોમાંથી એક વજેશ્વરી ખાતેની મિલકતમાં ૧૯૫૦-૬૦ના દાયકામાં અતિથીગૃહ વિકસાવવામાં આવ્યું હતું પણ આજે દાયકાઓથી તે વગર વપરાયે જર્જરિત થતું પડ્યું રહ્યું છે.

મસ્જિદ બંદરમાં પાઠશાળા, સ્કૂલ ઊભી કરવા તથા નીભાવવા માટે મળેલા ટોકરશી શામજીના માળા સહિતના ચારમાળા તો વ્યવહારિક રીતે જ્ઞાતિના હાથમાંથી સરી પડવાની અણી પર છે.

મસ્જિદ બંદરના ડેવલપમેન્ટ પ્લાન માટે અમુક જગ્યા સોંપવાના બદલામાં મળેલ દાણાબંદરનો પ્લોટ જેના અંગે પાલિકા એમાં થયેલ ઘૂસણખોરીને હટાવી ખાલી પ્લોટ સોંપે એવો કેસ ચાલી રહ્યો છે તે બાબત પણ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

એકદમ તાજેતરમાં જ્ઞાતિ પાસે આપેલ મૂળ ક.દ.ઓ. નાની ન્યાત મુંબઈ મહાજને હોલ બાંધશું એવી શરતે મેળવેલ પ્લોટ પણ તેની પર પૂરતા આયોજન વગર મહાજનવાડી બાંધવા કરોડો ખર્ચાયા બાદ વણવપરાયેલી અવસ્થામાં છે. આ અંગે મુંબઈ મહાજને યથાયોગ્ય

કરવું જોઇએ.

આપણા વડવાઓએ આરોગ્ય જાળવવા તથા વેકેશન ગાળવા માટે તે જમાના પ્રમાણે ભાંડુપમાં આરોગ્યધામ વિકસાવ્યું હતું પણ કાળાંતરે એ જગ્યા શહેરની વચ્ચો વચ્ચની જગ્યા બની ગઈ એથી ત્યાં આરોગ્યધામને બદલે અનંત સિધ્ધિના સસ્તા ભાડાના મકાનો લાવવામાં આવ્યા તે વખતે મૂળ ઉદ્દેશ્ય જળવાય એ માટે અન્યત્ર આરોગ્યધામ ઊભું કરવાની જરૂર હતી પણ એ વાતની અવગણના કરવામાં આવી એ જરા ખટકે તેવી વાત છે.

એમ તો એ પછી દેવલાલી અને પંચગીનીમાં જ્ઞાતિ સંસ્થા કે દાતા દ્વારા આરોગ્ય ધામ ઊભા થયા છે પણ જ્ઞાતિની એકંદર જરૂરતની સરખામણીમાં તે ઓછા છે. આ વાત એવું સૂચવે છે કે આપણે આ બાબત ઓછા સજાગ છીએ.

આવું કેમ થાય છે ? આવું થવાનું પહેલું કારણ એ હોય છે કે સમાજ તરફથી નવી મિલકત વિકસાવવામાં તક્તીઓ લગાવાતી હોઈ દાતાઓ ખુશી ખુશી આર્થિક સહયોગ આપે છે જ્યારે જાળવણીમાં સન્માન વગેરે ભલે થાય પણ નવીનીકરણ થાય તે સિવાય નવી તક્તિઓ લાગવાની હોતી નથી એટલે દાતાઓ સાથ આપવા ઉત્સુક નથી હોતા.

તેવી જ રીતે સમુદાય માટે નવી મિલકત ઊભી કરી આપનારને સમાજ સારું માન આપે છે. જાળવણી માટે જાત ઘસી નાખનારની નોંધ પણ માંડ લેવાય છે.

આ બે મુખ્ય કારણો કરતાંય મહત્ત્વની વાત છે આવી બાબતો અંગે પારદર્શકતાનો સદંતર અભાવ.

પારદર્શકતા ન હોવાનું કે ન રહેવાનું મુખ્ય કારણ છે ટ્રસ્ટીઓને પોતાને આ બાબત સમુદાય પૂછાણું ન લે અને પોતાને છૂટો દોર મળી જાય એ વાત માફક આવે છે.

સમુદાય પાસે સમુદાયની કઈ મિલકત કાલગ્રસ્ત થઈ છે અને તેને કેવી રીતે ફરીથી સમયોચિત ઉપયોગી બનાવી શકાય એ વાતનો વિચાર કરનારી તથા તેના ટ્રસ્ટીઓને દિશાદોર આપનાર સંસ્થા ન હોવાથી પણ આમ થાય છે.

અલબત્ત, હવે સમય પાકી ગયો છે કે સમાજના સમજદારો સક્રિયતા દાખવી આ પ્રકારની મિલકતોને સમયાનુસાર ઢબે ફરીથી બનાવવા માટે સભાન પ્રયત્નો કરે.

અન્યથા સમુદાયે વડવાઓ દ્વારા નિર્મિત ઘણા સારા સારા સાધનો છતાંય ગરીબડા રહેવાનો વારો આવશે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## પુના ખાતે એપ્ટીટ્યુડ ટેસ્ટનું આયોજન

ઍજ્યુકેશન અને કરીઅર ગાઈડન્સ ફોરમ - Educare Forum - પુના તરફથી તા. ૨૨ અને ૨૩ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ ધોરણ ૯ થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે Psychometric Test કે એપ્ટીટ્યુડ ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

એજ્યુકેર ફોરમ, છેલ્લાં ૧૦ વર્ષથી વિદ્યાર્થીઓ માટે દર વર્ષે આ પ્રકારની ટેસ્ટનું આયોજન કરે છે. પુના ઉપરાંત બહારગામના અનેક વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધેલ છે.

રજીસ્ટ્રેશન કે વધુ વિગતો માટે સંપર્ક કરો : મિલન પટેલ - 09822092671, પ્રશાંત લાલકા - 09822056198 ઈ-મેલ : educare.pune@gmail.com

ટેસ્ટ માટે બહારગામથી આવનાર વિદ્યાર્થીઓ કે તેમનાં વાલીઓને ઉતારા માટે માર્ગદર્શન આપવામાં આવશે.

## વહીવંચા અને આપણો ઈતિહાસ : લોડાયા ગોત્રની પ્રાચીન વહીમાંની વિગતો

**– રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ), મો. 09820336767

આપણો ઈતિહાસ જાણવાના સાધન પટ્ટાવલિ, શીલાલેખો, મૂર્તિલેખો અને વહીવંચાઓની વહીઓ છે. વહીવંચાઓની વહીઓમાં વંશાવલિઓ ઉપરાંત આપણા વડિલોએ કરેલ સુકૃતો, સ્થળાંતરોની નોંધો મળી આપે છે. વહીવંચાઓની વહીઓ (નોંધપોથી)માં નોંધ કરાવી તેમજ વહીવંચાઓને દાન,શીખ આપી ઈતિહાસને જાળવી રાખવાનું ઉત્તમ કાર્ય આપણા વડિલોએ કર્યુ છે. આજે આપણે આ પ્રથા જાળવી નથી રાખી. યજમાનવૃતિ ઉપર જીવનારી આ કોમને પ્રોત્સાહન ન મળતાં ઘણાં વહીવંચાઓ ધંધાથી વિમુખ થઈ ગયા છે તેમજ પ્રાચીન વહીઓની જાળવણીમાં પણ બેદરકાર રહ્યા છે તેથી આપણો ઘણો ઈતિહાસ નષ્ટ થઈ ચૂક્યો છે.

તોજતરમાં લોડાયા ગોત્રની એક પ્રાચીન વહી જોવા મળી જેમાં લોડાઇઆ શાહના એક પુત્ર લુણાની પાંખડીની વંશાવલિ છે જેમાં આ પાંખડીના તેરા, નાની ખાવડી, સુથરી, નલીયા, જખઉ, સુજાપુર, બાંઢીયા, મોટી ખાવડી (ભાભાવારા પરિવાર), સાંધાણ, મંજલ, કોઠારાવારા પરિવારોની વંશાવલિ છે. આ ઉપરાંત 'પીર' પરિવાર વીરોજી અને પાતોજીની વંશાવલિઓ છે. કમનશીબે વહીઓ જીર્ણ થવાથી અને પાના નીકળી જવાથી પીર પરિવારની પુરી વંશાવલિ મળતી નથી.

અત્યારસુધી આપણે જાણીએ છીએ કે ભલારાદાદાના ત્રણ ભાઈઓ હતા વીરોજી, પાતોજી અને કોરપાર, જેમાંથી વીરોજી અને પાતોજી પીર થયા. પરંતુ આ વહીની નોંધ પરથી ફલિત થાય છે કે ભલારા ભાઈઓ હતા. જે મુજબ ભોરકીઓ રતનશીઆણી, ખેતુ ભોરકીઆણી, લોદાઈઆ ખેતુઆણી, લાલો લાદાઈઆણી, લુણો લોદાઈઆણી, નાંઇઉ લોદાઈઆણી, પદમુ લોદાઈઆણી, કમુ લોદાઈઆણી. જેનાપરથી જાણી શકાય છે કે ખેતુના પુત્ર લોદાઈઆથી લોદાઈઆ (લોડાયા) નૂખ નીકળી અને આ લાદાઈઆણીને પાંચ પુત્રો લાલા, લુણો, નાંઈઓ, પદમુ અને કમુરતા.

આ વંશાવલિમાં ભોરકીઆના અન્ય પુત્ર ઉધરીઓ હતા. જેની વંશાવલિ આ મુજબ છે. ઉધરીઓ ભોરકીઆણી આસીઓ ઉધરીઆણી, કોરપાર આસીઆણી, વીરો આસીઆણી, પાતો આસીઆણી, ધરમુ આસીઆણી, ખીંયરાજ આસીઆણી, હેમઈઓ આસીઆણી, ભીમુ આસીઆણી, વીરમ આસીઆણી, આસીઉ ઉધરીઆણી, ગલૈયો ઉધરીઆણી, ઉધરીઓ ભોરકીઆણી, ભોરકીઓ રતનસીઆણી. જેના ઉપરથી જાણી શકાય છે ભલારા દાદાના પિતા આસીઆણી હતા અને તેમને કોરપાર, વીરો, પાતો, ધરમુ, ખીંઅરાજ, હેમઈઓ, ભીમુ, વીરમ નામે આઠ પુત્રો હતા. આ વંશાવલિનાં પાનાં અધુરા હોઈ વીરોજી અને પાતોજી સિવાયનાં અન્ય ભાઈઓની વંશાવલિ મળતી નથી. કોરપારની વંશાવલી અન્ય વહીવંચાની નોંધમાં મળે છે પરંતુ અન્ય પાંચ બંધુઓની વંશાવલિ મળતી નથી.

વહીવંચાની નોંધમાં ગાય, ભેંસ, સાજશણગાર સાથેના અશ્વ, હેમની વીંટી વિગેરેના ચિત્રો સાથેની નોંધો છે જે આપણા વડિલોએ શુભ પ્રસંગોએ વહીઓમાં નોંધ કરાવતી વખતે આપેલી છે. કેટલી ઉદારતા આપણા વડિલોની !!

આ વહીઓમાં આજથી ૧૦૦-૨૦૦ વરસ પહેલા અપાતા ગામ/નાત જમણ (ખરચ)ની વિગતો છે. જે પરથી જાણી શકાય છે કે ખીચડી, સુખડી (ગોળ પાપડી), બાટ, સીરા અને બુંદીના લાડુના જમણો કરવામાં આવતા.

વહીમાં બે જગ્યાએ દેરાસરનાં ચિત્રો છે. જખઉના રત્નટૂંક દેરાસર ભીમસી રતનશીએ બંધાવ્યું તેની અને કોઠારાના શીવજી નેણસીએ બંધાવેલ દેરાસરનું ચિત્ર. નોંધ મુજબ સવંત ૧૯૨૭ વરસે (ઈ.સ. ૧૯૭૧) માગ સુદ પના ભીમસી રતનશીઆણીએ જખઉમાં દેરાસર કરીને તેનું ભરણું (પ્રતિષ્ઠા) કીધી છે. ગામ જખઉમાં બાવન ગામનો નાત મેડો કરી જમાડ્યા છે. જમણ લાડવા તથા ગાંઠિયાનું કીધું પરિયાગતી (ભટરાજાને) પાગડી તથા હેમની વીંટી આપી.

અન્ય એક નોંધ સાંધાણવારા (મંજલ રેલડીઆવારા) શા. ટોકરશી જેવત માણકાણી લોડાયાની છે. સવંત ૧૯૩૫ના વરસે (ઇ.સ. ૧૮૭૯) માગસર વદ ૧ના શા. જેવત માણકાણીનું ખરચ કીધું છે. પુત્ર ટોકરસીએ પિતાનું પરોજણ (બારમું) કરીને ગામ બાવન જમાડ્યા છે. મંજલ ચોખરો જમાડ્યો છે ગરત (ઘી) મણ ૧૨૫ બેઠા છે. ખરચ સુખડીનું તથા લાડવા બુંદીઆનું તથા ગગન ગાંઠિયા

**લગ્ન સંબંધી :**

દુબઈ સ્થિત જન્મ સપ્ટેમ્બર ૮૮, ઉંચાઈ ૫'.૧૦'', કુંવારા, માંગલિક, B.Com, MNCમાં કાર્યરત મોતા ગોત્રીય યુવક માટે સમકક્ષ યુવતીના વડીલો સંપર્ક કરે. કુંડલીમાં માનીએ છીએ.

**સંપર્ક : ધમેન્દ્ર મોતા : 09322236890**

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**

સાતવાનાની સુખડીનું કીધું છે. ગામ મંજલ મધે કીધું છે. કોરી રોકડી ૧૦ દીધી છે ગામ મંજલના ચોકે.

**અન્ય નોંધ :** સંવત ૧૯૨૯ના વરસે (ઈ.સ. ૧૮૭૩) આસુવદ ૯ના માતા માનબાઈનું ખરચ પુત્ર ટોકરસી જેવતાણીએ કીધું છે. માતાનો નાત મેડો કરીને બાવન ગામ જમાડ્યા છે. ખરચ સુખડીનો કીધો છે ગરત મણ ૧૦૦ ખેડા ગામ મંજલ મધે કીધું છે. પાઘડી કોરી ૩૦ની ધોતીઉં કોરી ૨૦ની દીધી છે તથા પેરામણી દીધી છે તથા રૂપા મોર રોકડી ૫૦ દીધી છે.

**અન્ય નોંધ :** સંવત ૧૯૬૨ (ઈ.સ. ૧૯૦૬)નાં કારતક વદ ૧૩નું શા. પદમસી દામજીઆણી દેવગત પામ્યા છે. તે સુરો (પોડસા) થયા છે. બેઠા ગામ તુંગી દલુવારીની ઉગમણી કોર વાડ સેઢામાં વાડી દલશ્રી ભગવાનજીની વાડી પાસે આથમણે પાવરીઓ તથા ખાંભી છે તે મરાણા છે તેના દીકરા મેરગ તથા ગોવા તથા દેવસીએ પિતાનો પાવરીઓ તથા ખાંભી ખોડાવીને ગામ તુંગી દલવારીમાં.

(વહીવંચાની વહીઓમાં આવું ઘણું સાહિત્ય પડેલું છે. આપણો આ વરસો તદ્દન નષ્ટ થઈ જાય તે પહેલાં મેળવી લેવો જોઈએ. પહેડી કે અન્ય મહોત્સવમાં આપણી જ્ઞાતિ ઉદાર દિલે વાપરી રહી છે.

આ એક સારી વાત છે, અનુમોદના છે પરંતુ ઈતિહાસ મેળવી લેવા અને જાળવણી અર્થે શું થોડું ધન ન ખરચી શકીએ ?)

## મહિલા દિને વંદન ત્રિપુટીને !




મહિલા દિને જ્ઞાતિની અલગ તરી આવતી મહિલાઓની યાદ આવે એ સ્વાભાવિક છે અને સ્વક્ષેત્રે આવગું સ્થાન અંકિત કરનાર સન્નારીઓની યાદ તાજી કરી સાદર વંદન કરીએ.



**૧. શ્રીમતિ સુશીલાબેન ચંદુલાલ ધરમશી** (સુથરી – હાલ વડાલા) : શ્રી અચલગચ્છ જૈન સંઘ વડાલામાં જેમણે અખિલ ભારતીય ધોરણે આવગું નામ હાંસલ કર્યું છે. તેઓ તેના ટ્રસ્ટીઓ પૈકી એક માત્ર મહિલા છે. પુરુષ પ્રધાન ક્ષેત્રમાં જવાબદારીની ધૂરા સરખે ભાગે વહનક રવામાં કરી પાછી પાની નથી કરી પણ મોખરે રહ્યા છે. સાદે પર્યુષણ પર્વની ઉજવણી યા વરસી તપના તપસ્વીઓની વરસભર ચાલતી સરભરા યા એમને સંગાથે લઈ હસ્તિનાપૂર ઇત્યાદિ કલ્યાણકોની જાતીય દેખરેખ અને વ્યવસ્થામાં નામ કાઢ્યું તેમાં બે મત નહિં.



**૨. શ્રીમતિ શિલ્પા અજાણી** (કોઠારા – હાલ અંધેરી) : શ્રીમતિ શિલ્પાબેન અજાણી સ્વ. ઇંદિરાબેન વિકમશીના કુખનું રતન એટલે સામાજીક સેવા ક્ષેત્રે નેતૃત્વનો પાયો ગળથૂંથીથી મળ્યો કહીએ તો ખોટું નહિ. જાજ્વલ્યમાન મોશાળ સ્વ. નારાણજી શામજીના નાતે વિશાલ ફલક સહેજે લટકામાં મળ્યું. રૂચિ ધરાવતા વિષયોનું વિશાળ જ્ઞાન પ્રાપ્ત કરવામાં પાછી પાની ન કરી અને મોટી સિંધોડી મહાજનના સ્નેહ મિલનમાં અતિથિ વિશેષના પદે આરૂઢ થઈ છટાદાર વક્તૃત્વ ગુણોના આવિષ્કારથી જ્ઞાતિના સામાજિક નભમાં સફળ ઉડયન કર્યું. નવીન સિતારાનો ઉદય થયો.



**૩. શ્રીમતિ નેહલ શાહ (ખોના) :** ભારતીય જનતા પક્ષના ઉમેદવાર શ્રીમતિ નેહલ શાહ (ખોના)ને મુંબઈ શહેરના એફ વોર્ડના વડાલા કીંગ્સ સર્કલમાં વોર્ડ ક્રમાંક ૧૭૭માં બહુમતથી ચુંટાઈ જ્ઞાતિના જિજ્ઞાસાનો પારો ઊંચક્યો. તેમના જીવનકાર્યથી સુપરિચિત થઈએ તે વેળા પહેલાં આ સન્નારીએ મહિલા દિને જ્ઞાતિમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું. ધન્યવાદ.

ત્રણેય વંદનીય મહિલા ત્રિપુટી સફળતાની સીડીના સોપાન સર કરતા રહે એવી શુભેચ્છા.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ


॥ શ્રી અંબે માતાય નમો નમઃ ॥

**કચ્છ કોઠારા મધ્યે અંબે માતાને નમતા ધરમશી પરિવારના ભાવિકો**

**માતાજીની ગંધી (ધોત) બદલવાનો કાર્યક્રમ**

**તા. ૨૨-૪-૨૦૧૭ શનિવાર સવારના ૮.૩૦ કલાકે કચ્છ કોઠારા મધ્યે રાખેલ છે.**

તો આ પ્રસંગે અંબે માને નમતા ભાવિકોને પધારવા વિનંતી.

લી. **અંબેમાં ધરમશી પરિવાર વતી**

**જયેશ ભાગચંદ જૈન (ધરમશી) : 022-66800800**

**આયરીસ બેંકવેટ એ.સી. હૉલ**

**Iris Banquette**

**અંગત અને સંસ્થાઓના નાના મોટા પ્રસંગો માટે ૧૦૦ થી ૪૫૦ જણની હોલ – ભોજનની વ્યવસ્થા એકદમ વ્યાજબી ભાવે કરી આપશું.**

**સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390**

**જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758**

સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

## સાંયરા નગરે ચૈત્ર માસની શાશ્વતી ઓળીના વધામણાં

### કરીએ કર્મોની હોળી: આવી ચૈત્ર માસની આયંબિલની ઓળી

।। શ્રી ગૌતમ સ્વામી સદગુરૂભ્યે નમોનમઃ ।।

યુગાધિદેવ શ્રી આદિનાથ દાદાની શિતળ છાયામાં સાંયરા નગરે ચૈત્ર માસની આયંબિલની ઓળીની ઉજવણી પ્રસંગે નિયાણી બહેનો અને સાંયરાવાસીઓને આરાધના કરવા સાંયરા મહાજન તરફથી ભાવભર્યું નિમંત્રણ છે.

● **આયંબિલ ઓળી પ્રારંભ :** ચૈત્ર સુદ ૭ રવિવાર, તા. ૨-૪-૨૦૧૭ થી દરરોજ સવારના ભકતામર સ્તોત્રની આરાધના.
મયણાં સુંદરી શ્રીપાલ રાજા નવપદની આરાધના - વ્યાખ્યાન

● **ચૈત્ર સુદ-૧૩** શનિવાર, તા. ૮-૪-૨૦૧૭ તિર્થંકર શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકના પ્રભુજીના વધામણાં - મહાવીર વંદનાવલી - પ્રભુજીનો ભવ્યાતી ભવ્ય રથ યાત્રા બાદ પેંડાની પ્રભાવના માતુશ્રી પ્રેમિલા પદમશી લોડાયા અને બુંદી સેવની પ્રભાવના સાંયરામાં વસતા દરેક સાંયરાવાસીઓને ઘર દીઠ કરવામાં આવશે. બુંદી-સેવની પ્રભાવનાના લાભાર્થી દાતાશ્રી માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર અને માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા પરિવાર.

● **આયંબિલ ઓળીની પૂર્ણાહૂતી :** ચૈત્ર સુદ-૧૫, સોમવાર તા. ૧૦-૦૪-૨૦૧૭ના થશે. તપસ્વીઓના પારણાં ચૈત્ર વદ-૧ મંગળવાર, તા. ૧૧-૪-૨૦૧૭ના થશે. આયંબિલની ઓળીના આરાધકોને સમયસર પધારવા વિનંતીછે.

● **આયંબિલની ઓળીના દાતાશ્રી :** માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા પરિવાર હસ્તે : શ્રીમતી જયાબેન શાંતિલાલ લોડાયા

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાંયરા**
**ધાર્મિક સમિતિના જયજિનેન્દ્ર !**

।। શ્રી અનંતનાથ દાદાય નમઃ ।।

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ**

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

પુણ્ય નગરી મુંબઈ મહાનગરે,
અંનતછાયા (ઘાટકોપર) શુભ સ્થળે
શ્રી અનંતનાથ દાદાના દેરાસરજીનાં
અંજનશલાકા, પ્રતિષ્ઠા
અષ્ટાન્હિકા મહોત્સવ ચડાવા ના પાવન પ્રસંગે

રવિવાર, તા. ૨૨.૦૧.૨૦૧૭ અને શુક્રવાર, તા. ૨૪.૦૨.૨૦૧૭ના શુભ દિને થયેલા વિવિધ ચડાવાના લાભાર્થી પરિવારોની જાહેરખબર પ્રકાશ સમિક્ષાના અંક નં. ૧૦માં પાના નં. ૬, ક્રમ નં. ૬૦માં પ્રભુજીની બહેનના ચડાવાના લાભાર્થીના નામમાં શરતચૂક થયેલ જે ભુલ સુધારીને વાંચવા નમ્ર વિનંતી. સુધારો નીચે મુજબ છે.

**પ્રભુજીના બહેન**

**કુ. જીયાના-અ.સૌ. અલ્પા અલ્પેશ લાપસીયા**
**હસ્તે : માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા**
(મોટી ખાવડી-ઘાટકોપર)

અષ્ટાન્હિકા મહોત્સવ શુભ દિન : રવિવાર, તા. ૦૯.૦૪.૨૦૧૭, રવિવાર ૧૬.૦૪.૨૦૧૭ થી શનિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૭ ના પાવન દિને

શ્રી અનંતનાથજી દેરાસર અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ



## પ્રબોધભાઈ અને પદમશ્રી : કચ્છના આગેવાનોને સાથ આપીએ

પ્રકાશ સમીક્ષાના અંક ૧૦માં જ્ઞાતિ આગેવાન ભાઈશ્રી પ્રબોધ મુનવરને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ધરતી–રત્ન એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો તેનો ઉલ્લેખ છે.

પ્રબોધભાઈએ માનવ જ્યોત સંસ્થા દ્વારા અનેક સેવાના કાર્યો કરેલા છે. દા.ત. અસ્થિર મગજના માનવો, દિવ્યાંગ ભાઈઓ અને ગરીબોને ભોજન વિગેરે અનેક સેવા કાર્યો અવિરતપણે ચાલુ છે. જાણે એમનું જીવન સેવા માટે જ સર્જાયું છે.

આવા અનેક સેવાકાર્યોના લીધે કચ્છના આગેવાનોએ એમના નામની પદમશ્રી એવૉર્ડ માટે ભલામણ કરી છે. કચ્છના સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય પંકજભાઈ મહેતા, ધારાસભ્ય નીમાબેન આચાર્ય, ધારાસભ્ય તારાચંદભાઈ છેડા, જિલ્લા પંચાયતમાં પ્રમુખશ્રી ત્રિકમભાઈ આ બધા આગેવાનોએ પ્રબોધભાઈ પદમશ્રી એવોર્ડ મળે તે માટે ભલામણ કરી છે. જે આપણી જ્ઞાતિ માટે ગૌરવ લેવા જેવી વાત છે. આપણે પણ આપણા દરેક મહાજનો તરફથી જો ભલામણ કરીએ તો એવૉર્ડ આપનારી સમિતિ પર વજન પડે એવું મારું માનવું છે.

પ્રબોધભાઈની સેવાકિય પ્રવૃત્તિઓ કાયમ કાર્યાન્વિત રહે એવી શુભેચ્છા સાથે. – **પ્રવીણ લોડાયા** (વડોદરા)


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી**
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી



**સલીમ ભાઈ ઢોલી**
મો.: 093247 96076
093211 31232



જૈનમ્ જયતી શાસનમ　　　　ટ્રસ્ટ રજી. નં. A2640(Ahmedabad)

શ્રી આદિનાથાય નમઃ　શ્રી વિમલનાથાય નમઃ　શ્રી અનંતનાથાય નમઃ　જય જય ગરવી ગુજરાત

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ

રજી.ઓફીસ-: ''અમીત'' 5-પરસાણા નગર, જંકશન પાછળ, રાજકોટ - 360 001.


ટ્રસ્ટ મંડળ
શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા -રાજકોટ
શ્રી તિલકચંદ જે. ખોના - જામનગર
શ્રી નિતીન જે. ધરમશી - આણંદ
શ્રી મુકેશ માણેકજી લોડાયા -વડોદરા
શ્રી હીરેન મહેન્દ્ર મોતા - અમદાવાદ
કારોબારી
પ્રમુખ
શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા -રાજકોટ
ઉપ-પ્રમુખ
- શ્રી તિલકચંદ જે. ખોના - જામનગર
- શ્રી નિતીન જે. ધરમશી - આણંદ
- શ્રીમધુકાંત પી. મોમાયા - અંકલેશ્વર
સેક્રેટરી
- શ્રી મુકેશ માણેકજી લોડાયા -વડોદરા
ખજાનચી
- શ્રી હીરેન મહેન્દ્ર મોતા - અમદાવાદ
કારોબારી સભ્યો
- શ્રી તેજકુમાર એસ. જૈન -રાજકોટ
- શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા -વડોદરા
- શ્રી ભાવેશ નવીનચંદ્ર ખોના - હાલોલ
- શ્રી હરીશભાઈ પી. ધરમશી -પાલીતાણા
- શ્રી બિમલ પ્રકાશભાઈ લોડાયા -આણંદ
- શ્રી કમલેશ લક્ષ્મીચંદ લોડાયા -નાની ખાવડી
- શ્રી વિમલભાઈ દંડ -ભરૂડીયા
- શ્રી મેહુલ ચંપકલાલ ધરમશી -રંગપર
- શ્રી ભાવિન માણેકજી ડાઘા -દલતુંગી
- શ્રી નવિનભાઈ કુંવરજી ધરમશી -ગોરખડી
- શ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડા - જામનગર
કો-ઓપ્ટ સભ્ય
- શ્રી શાહ પંકજભાઈ આણંદજી દંડ-આણંદ


સુજ્ઞ સાધર્મિક બંધુઓ,

આપણા સમાજના ઘણા ટ્રસ્ટોમાં વર્ષોથી હિસાબ-કિતાબ, ઓડીટ, ચેરીટી કમિશ્નર પાસે ચેન્જ રીપોર્ટ, જરૂરી બંધારણ - તથા અગત્યના ઠરાવો ની ચેરીટી કમિશ્નર પાસે નોંધણી જેવા સળગતા પ્રશ્નો બાબતો પર યોગ્ય વ્યાપક કાયદાકીય જાણકારી માટે શ્રી કદઓ જૈન પશ્ચિમ એકમ આપણા સમાજ માટે ખુબજ ઉપયોગી સેમીનારનું આયોજન કરી રહયું છે. જેમા આપના સુચનો આવકાર્ય છે.

વિષય - ભારત ભરના ક.દ.ઓ. જૈન સમાજના ટ્રસ્ટો માટે સરકારના બદલાયેલા કાયદા અનુસાર સમાજ, સંઘ, મહાજન ની ફરજો અને કાર્યશૈલી,
- તથા ટ્રસ્ટો માટે ઈન્કમટેક્ષ ના કાયદાની ઉંડાણ પુર્વક સમજ માટે સેમીનાર

પ્રોગ્રામ -એક દિવસનો સેમીનાર ૨૦૧૭ ના જુન મહિનાની આખરમાં રાખવામાં આવશે જેની રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦-૦૦ દરેક ટ્રસ્ટ દિઠ જેમાં બે વ્યક્તિ (પદાધીકારી) હાજર રહી શકશે.

સંપર્ક -: પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા -રાજકોટ - 0 94 09 68 53 76
સેક્રેટરી શ્રી મુકેશ માણેકજી લોડાયા -વડોદરા - 0 94 26 40 33 37
કન્વિનર શ્રી તિલકચંદ જે. ખોના -જામનગર - 0 98 25 09 45 79

પત્ર વ્યવહાર માટે કાર્યાલય નું એડ્રેસ મુકેશ માણેકજી લોડાયા સેક્રેટરી શ્રી ક. દ. ઓ.જૈન પશ્ચિમ એકમ

કાર્યાલય-: સાંચરા સદન, અચલગચ્છ જૈન ભવન પાછળ, કોર્પોરેશન વોર્ડ ઓફીસની બાજુમાં, જીપીઓ પાસે, રાવપુરા, વડોદરા-390 001(ગુજરાત) મો. 09426403337, ઈ-મેઈલ forumarts@yahoo.com

---

।। શ્રી શાંતિનાથ દાદાયે નમઃ ।।

# શ્રી કચ્છ સાંધાણા દશા ઓશવાલ જૈન મહાજન

આયોજીત



## પીકનીક સાથે વાર્ષિક સામાન્ય સભા



રવિવાર, તા. ૨-૪-૨૦૧૭

**સ્થળ : પેરેડાઈઝ ફનલેન્ડ રિસોર્ટ, મુંબઈ - નાસિક હાઈવે, થાણા જીલ્લો.**

આગામી પર્યુષણ પર્વ **તા. ૧૯-૮-૨૦૧૭** થી શરૂ થાય છે. સહર્ષ જણાવવાનું જે પર્યુષણ માટે સંઘ રૂપે મુંબઈથી સાંધાણ તથા પરત મુંબઈ માટે મહાજનના સભ્યો ત્યા નિયાણી બહેનોના પરિવારજનો પોતાના નામો રૂા. ૧૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ ભરી કાર્યકરોને **તા. ૨-૪-૨૦૧૭** પહેલા લખાવી દેશો, જેથી ટ્રેનની ટીકીટોનું બુકીંગ થઈ શકે તથા બીજી સુચારૂ વ્યવસ્થા કરી શકાય. આ આયોજન માટે આપે કોઈ રકમ ભરવાની નથી. પર્યુષણ માટે આપ સાંધાણ પધારશો ત્યાં ડીપોઝીટ પરત આપવામાં આવશે. પર્યુષણ માટે મુંબઈ થી ગુરૂવાર, **તા. ૧૭-૮-૨૦૧૭** ના જવાનું તથા ત્યાંથી ભાદરવા સુદ ૬, રવિવાર, **તા. ૨૭-૮-૨૦૧૭**ના રવાના થઈ પરત મુંબઈ આવવાનું છે.

ઉપરોક્ત આયોજન માટે સંઘ દ્વારા સાંધાણ જવા અને પરત મુંબઈ આવવા માટે કોઈ સંઘપતિ અથવા જુદા જુદા દાતાઓ આવકાર્ય છે. પરિપત્ર દરેક ને મોકલાવેલ છે, છતાં ન મળેલ હોય તો આને પરિપત્ર સમજી આપના નામો લખાવશો.

-: સંપર્ક :-

**રાજેન્દ્ર ચુરલા - ૯૯૬૭૯ ૭૫૭૭૮, ● દિનેશ ધરમશી - ૯૩૨૩૧ ૫૦૩૦૩**

## કચ્છી કસબ ૧૦૨

રચયિતા : જયકાંત મોતા ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



### આડી ચાવીઓ -

૧) ગોરો (Fair Skined) (૨)
૩) માંડમાંડ (With Great Attempt) (૪)
૬) બાજુમાં (Near by) (૩)
૮) દાગ (Stain) (૨)
૯) સાકર (Sugar) (૨)
૧૦) કાદવ (Mud) (૨)
૧૨) તાકાત (Strength) (૨)
૧૪) ખુલ્લો કબાટ (Open Cup board)(૩)
૧૭) ઉપયોગ (Usefullness) (૨)
૧૮) વજનદાર (Heavy) (૨)
૧૯) ઇંડા (Eggs) (૨)
૨૧) તાંબુ (Copper) (૨)
૨૨) પાણીનું થોડુ થોડુ પડવું (Droping of Water) (2)
૨૩) કુવો (Well) (૨)
૨૪) ઉંદર (Mouse) (૨)
૨૫) ડાહ્યો (Wise) (૨)
૨૮) અંગૂઠો અને આંગળીથી અવાજ કરવો (Make sound with thumb & finger) (૩)
૩૦) તુચ્છકારીને બોલાવવું (Talking Roughly) (૩)
૩૧) એકદમ (Completely) (૨)
૩૩) આવક (Income) (૨)
૩૪) રકાબી (Saucer) (૨)
૩૫) ચેહરો (Face) (૩)
૩૭) શા માટે (Why?) (૨)
૩૮) આકારમાં નાનું (Small in Size)(૩)
૩૯) રાતનું ભોજન (Dinner) (૩)

### ઊભી ચાવીઓ -

૧) પિતા (Father) (૨)
૨) કલગી (a tassel) (૨)
૩) કચ્છી ગરબાનો પ્રકાર(Kutchi Garba) (૩)
૪) ચોપડવું (To spread) (૩)
૫) દાંતણ (Tree branch used as tooth brush)(૩)
૬) શરમ (Shy) (૩)
૭) બિલાડી (Cat) (૨)
૧૧) મિઠા ભાત (Sweet Rice) (૩)
૧૩) કાઢવુ ને મૂકવું (To remove & put) (૪)
૧૪) સાંકળ (chain) (૩)
૧૫) જીરૂ (Cumin) (૨)
૧૬) એક પગ (One Leg) (૨)
૨૦) સહકુટુંબ સહિત (With Family) (૪)
૨૧) કથરોટ(Very big plate with border) (૨)
૨૩) સમાચાર(News) (૩)
૨૬) મોટાઈ (Boasting) (૩)
૨૭) અછત (Shortage) (૨)

### ઊભી ચાવીઓ -

૨૮) કાદવ (Mud) (૩)
૨૯) ભોંય (Floor) (૨)
૩૨) સગાસ્નેહી (Relatives) (૩)
૩૪) તાકાતવાન માણસો (Powerful Males) (૩)
૩૬) પારકા (Stranger)

**ઉકેલ : આડી ચાવીઓ -**
(૧) અછો (૩) મડમડ (૬) મુરમે (૮) ધાગો (૯) ખન (૧૦) કીલ (૧૨) જોર (૧૪) સંજીરો (૧૭) ખપ (૧૮) ગરો (૧૯) ઇનાં (૨૧) ત્રાંમુ (૨૨) ટીપો (૨૩) વાય (૨૪) ઘોસ (૨૫) ડાવ (૨૮) ચેપટી (૩૦) ડછોડા(૩૧) સાવ (૩૩) ખટ (૩૪) બસી (૩૫) સિકલ (૩૭) કોલા (૩૮) પેચકા (૩૯) વિયારૂ

**ઊભી ચાવીઓ -**
(૧) અધા (૨) છોગો (૩) મટુકી (૪) મખ (૫) ડનણ (૬) મુલાજો (૭) મેની (૧૧) લપઇ (૧૩) રખપાય (૧૪) સંગર (૧૫) જીરો (૧૬) ટંગ (૨૦) નાંટીધુટી (૨૧) ત્રાંસ (૨૩) વાવડ (૨૬) વડાઇ (૨૭) સાંસા (૨૮) ચેખલ (૨૯) પટ (૩૨) વસિલા(૩૪) બરુકા (૩૬) સિયા

# દોસ્તી હેલ્પલાઈન

**- ચંદ્રિકા લોડાયા**



પોણા આઠ થવા આવ્યા એટલે વિભાકર બાંકડા પરથી ઉઠ્યા. લગભગ રોજ બનતું તેમ આજે પણ એ છેલ્લા હતા. સાડા સાત થતાં ગ્રુપના સૌ વિખરાવા લાગતા. વિભાકરને તો ચાલતાં પાંચ-સાત મિનિટમાં પહોંચી જવાય એટલું ઘર નજદીક હતું તેથી સૌના ગયા પછી પણ એ બેઠા રહેતા. રાત પડી ગઈ હતી. પાર્કમાંનો કલશોર ઘણે અંશે શમી ગયો હતો. જૂજ બાળકો જ ખેલકૂદનાં સાધનો પાસે દેખાતાં હતાં. તે છતાં ચાલવા માટે આવતા લોકોની સારી એવી ચહેલ-પહેલ હતી. વ્યસ્ત બાંકડાઓ તરફ નજર ફેરવતા એ મુખ્ય દરવાજે આવ્યા. નાળિયેરવાળો મોટા ચપ્પુથી નાળિયેર છોલી રહ્યો હતો. ફુગ્ગાવાળો હજુ કોઈ બાળક આવશે એવી આશામાં દરવાજાને તાકતો ઊભો હતો. સુપરિચિતતાને અનુભવતાં એ રસ્તો ઓળંગવા જતા હતા ત્યાં એમને સાંજે પાર્કમાં પ્રવેશતી વખતે જોયેલું પોસ્ટર યાદ આવ્યું. ત્યારે કુલકર્ણી સાથે હતા એટલે પોસ્ટર વાંચવા ઊભું નહોતું રહી શકાયું. પાછું વળીને દરવાજા પર નજર કરી તો એની લગોલગ ભીંત પર લગાડેલું પોસ્ટર દેખાયું. પોસ્ટરનું મથાળું અહીંથી વંચાતું હતું : એકલતા... ? નિરાશા.... ? એ પાસે ગયા ને પોસ્ટર વાંચવા લાગ્યા પછી કોઈ ઓળખીતું જોતું નહોતું એની આજુબાજુ જોઈને ખાતરી કરીને ખિસ્સામાંથી મોબાઈલ કાઢ્યો અને એમાં ફોન નંબર નોંધી લીધો.

વિભાકર ઉતાવળ વિના ઘર ભણી ચાલવા માંડ્યા. પોતાની સોસાયટીમાં પ્રવેશતાં પરિચિત ચહેરા માટે આમતેમ નજર ઘુમાવી પણ કોઈ ન દેખાતાં ધીમે ધીમે પોતાનો દાદર ચડવા લાગ્યા. આમ છતાં ઘરના દરવાજે બેલ મારીને ઊભા રહ્યા ત્યારે હજુ આઠ વાગવામાં થોડી વાર હતી. દરવાજો ખોલીને વહુ ચૂપચાપ પોતાનો ટી.વી. પરનો અધૂરો રહેલો પ્રોગ્રામ જોવા બેસી ગઈ. મોટો પૌત્ર હંમેશની જેમ કમ્પ્યુટરમાં મશગૂલ હતો. નાનો પૌત્ર દેખાતો નહોતો. કદાચ ટ્યુશન પરથી હજુ પાછો નહોતો આવ્યો. વિભાકરે રસોડામાં જઈને માટલામાંથી પાણી પીધું, વહુ જમવા બોલાવે એની રાહ જોતાં બેઠા. એમના દીકરા અલકેશને આવતાં મોડું થતું તેથી સૌ પોતપોતાની રીતે જમી લેતાં. અલકેશ વહેલો આવે તોય શો ફરક પડવાનો હતો ? એમની પાસે બેસીને બે ઘડી વાતો થોડી કરવાનો હતો ? જિંદગીની માગણીઓ સંતોષવાની દોડમાં જોડાયેલી આજની શિક્ષિત પ્રજાને પોતાના ફાયદા વગરની વાતોમાં સમય વેડફાતો લાગે છે. સાત વર્ષ પહેલાં અંજનાએ પોતાની પાછળ છોડેલી દારુણ એકલતાને વહેતાં એ થાકી ગયા હતા.

અંજના હતી ત્યાં સુધી જિંદગી પાણીનો રેલો વિના અવરોધે વહી જાય તેમ વીતી ગઈ હતી. બધાને થાય છે એવા જિંદગીના ખાટા-મીઠા અનુભવો એમને પણ થયા હતા. ખરેખર તો એટલાં વર્ષો જાણે એક રાતની નીંદરની જેમ વીતી ગયાં હતાં. ટોર્ચના અજવાળે પ્રકાશિત રસ્તા પર ચાલતાં અચાનક ટોર્ચ બંધ થાય અને અંધારું ધબ થઈ જાય તેમ અંજનાના જતાં એમની જિંદગીનાં સુખ-ચેન છિનવાઈ ગયાં. પાર્ટ-ટાઈમ કામ કરતા હતા તે પણ ગયું ને ઘરની ચાર દીવાલોમાં લગભગ પુરાઈ ગયા. શરૂઆતમાં સૌએ એમની પર ધ્યાન આપ્યું પરંતુ ધીમે ધીમે એ આત્મ-સહાનુભૂતિ, પીડા, ઉપેક્ષા અને એકાકીપણાના પિંજરામાં કેદ થઈ ગયા.

‘પપ્પા, જમવા ચાલો.’ વહુની હાક આવી. વિભાકર રૂમમાંથી બહાર આવીને ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયા. ટમેટાના સૂપની સોડમ એમના નાકમાં પ્રવેશી. વહુએ થાળીમાં પુલાવ પીરસ્યો ને બાજુમાં સૂપનો કટોરો મૂક્યો. એ કંઈ બોલવા જતા હતા ત્યાં વહુના હાથમાં ફોન જોયો એટલે ચૂપચાપ ખાવા લાગ્યા. વહુ ફોન પર વાતો કરતાં રસોડામાં કામ કરવા લાગી. વચ્ચે એક વાર આવીને એમને કાંઈ જોઈએ છે પૂછી ગઈ. ફરિયાદ કરવા

*મારી ઉપર છે આળ, હું દોડી શક્યો નહીં,*
*તેં તો દીધો’તો ઢાળ, હું દોડી શક્યો નહીં.*

જેવું કાંઈ નહોતું. સમયસર ભોજન મળતું હતું. ડૉક્ટર કે દવાની વ્યવસ્થા થઈ જતી, એમના જન્મદિવસો ઉજવાઈ જતા છતાં મજા નહોતી. જીવનના આનંદરસનું ઝરણું જ સૂકાતું જતું હતું. કોઈને એમનામાં રસ નહોતો. એ શું ઈચ્છે છે કે કહેવા માગે છે એ જાણવાની કોઈને જરૂરત લાગતી નહોતી. સૌ પોતાની માનેલી ફરજ બજાવી લેતા હતા.

એમને યાદ આવ્યું અંજનાને એક દીકરીની હોંશ હતી. એણે એમને કહેલું, 'અલકેશને એક બહેન જોઈએ. દીકરીનાં રૂમઝુમ પગલાં સાથે ઘરમાં મૃદુતાનો સ્પર્શ આવશે ને દીકરી માતા-પિતા પર અદકેરૂં હેત રાખે.'

ત્યારે એમણે કહ્યું હતું, 'જો અંજુ, આપણે ખાઈ પીને સુખી છીએ, એનાથી વિશેષ આપણી પાસે કોઈ મૂડી નથી. બીજું સંતાન એટલે હમણાં અલકેશને જે કંઈ મળે છે તે અર્ધું થઈ જશે. વળી બીજો પણ દીકરો નહીં આવે એની શું ખાતરી?'

હંમેશની જેમ અંજનાએ એમની વાત સ્વીકારી.

નાનો પૌત્ર આદિત્ય ઘરમાં આવ્યો. એ અગિયાર વર્ષનો હતો. એની સાથે વાતનો તંતુ ક્યારેક બંધાતો. બિચારાને રમવાનો સમય પણ માંડ મળતો ત્યાં દાદા સાથે વાતો કરવાનું શી રીતે પરવડે?

'બેટા, આજે ટ્યુશનમાં બહુ મોડું થયું?' વિભાકરે પૂછ્યું.

પૌત્ર જવાબ આપે એ પહેલાં જ વહુએ કહ્યું, 'પપ્પા, એ મોડો જ આવવાનો હતો.'

શું કામ મોડો આવવાનો હતો એ જણાવવાનું વહુને જરૂરી ન લાગ્યું. વિભાકરને થયું એમને બધામાંથી બૉયકૉટ કરી નાખવામાં આવે છે. વહુને લાગતું આવી નાની નાની વાતો જાણવાની એમને શું જરૂર? પણ આવી નાની નાની વાતો જ તો ઘરના લોકોને એકબીજાથી જોડી રાખે છે અને કુટુંબનો હિસ્સો હોવાની પ્રતીતિ કરાવે છે અને આવી નાની નાની વાતોનો અભાવ જ એમની એકલતાનું દ્યોતક હતો એ વહુને કેમ સમજાવવું? અંજના હતી ત્યારે કામવાળી બાઈ કેટલા ખાડા કરે છે થી માંડીને શાકભાજીના વધેલા ભાવો જેવા ક્ષુલ્લક વિષયો પર વાતચીત થતી. ઘરની દુનિયા પોતાની આગવી હતી. એમાં ઓફીસના જેવી મહત્વની વાતો અને રાજકારણ વિશેની ચર્ચાઓ કરવી જરૂરી નહોતી. રોજબરોજની જિંદગી પર જ ઘર રચાય છે, માણસો એકમેક સાથે સંકળાય છે.

હવે તો પોતે કુટુંબના હિસ્સા જેવા જ નહોતા લાગતા. એમણે પૌત્રની શાળાના પુસ્તકમાં ફેમિલી વિશે વાંચ્યું હતું જેમાં 'ફેમિલી' નો અર્થ માતા-પિતા અને ભાઈ-બહેન હતાં. ઘરમાં વસતા દાદા-દાદીને એમાં સ્થાન નહોતું. આ બાળકો દાદાને કુટુંબના એક ભાગ રૂપે શી રીતે સ્વીકારશે? એમને થયું એક વર્તુળ જેમાં અલકેશને એનો પરિવાર વસતા હતા, ને એ વર્તુળની અંદર એક નાનું વર્તુળ હતું જેમાં પોતે રહેતા હતા. મોટા વર્તુળમાં વસનારાની ઈચ્છાથી નાના વર્તુળનો દરવાજો ખૂલે અને તેમના ઈચ્છિત સમય સુધીનો પ્રવેશ નાના વર્તુળમાં રહેનારને મળે. બાકી સમય એમણે પોતાના નાના વર્તુળની સીમામાં વિતાવવાનો. પોતાન કુટુંબની આવી અલિપ્તતા પોતે કેમ અપનાવી શકતા નહોતા? પણ જળકમળવત્ રહેવાની ભારતીય ફિલસૂફી જીવનમાં ઉતારવી સહેલી નહોતી.

જમીને પોતાના રૂમમાં ગયા બાદ વિભાકરે મોબાઈલમાં પોતે લખેલો નંબર જોઈ લીધો. પોસ્ટરમાં હતું ચોવીસ કલાકમાં ગમે ત્યારે ફોન કરી શકાય. એક વાર પ્રયત્ન કરી જોવો છે. પણ અત્યારનું ટાણું યોગ્ય નહોતું. રખે ને કોઈ રૂમમાં આવી પડે. આવતીકાલે ઘરમાં કોઈ ન હોય ત્યારે ફોન કરવાનું નક્કી કરી એમણે મોબાઈલ મૂકી દીધો.

બીજે દિવસે વિભાકર એક બાળકની જેમ ઉત્તેજિત હતા. બાળકો ને અલકેશ ચાલ્યા ગયા પછી વહુ ક્યારે જાય એની રાહ જોવા લાગ્યા. વહુને બહારનાં જે કામ પતાવવાના હોય તે બાળકો શાળામાં હોય તે દરમ્યાન પતાવી આવતી. છેવટે વહુએ પગમાં ચપ્પલ નાખ્યાં ત્યારે એમને હાશ થઈ. દરવાજો બંધ કરવાનો અવાજ આવ્યો કે તરત એમણે મોબાઈલ કાઢી સંઘરેલો નંબર લગાવ્યો ને ધડકતા હૃદયે ફોનની ઘંટડીનો રણકાર સાંભળી રહ્યા. તરત જ ફોન ઉંચકાયો અને સ્ત્રી અવાજ આવ્યો, 'હલો, આ દોસ્તી હૅલ્પલાઈન છે, હું આપને શું મદદ કરી શકું છું?'

'હા, આ દોસ્તી હૅલ્પલાઈન છે.' એણે ફરી કહ્યું ને ઉમેર્યું, 'આપ ક્યાંથી બોલો છો?' એ ક્ષણાર્ધ વિચારમાં પડ્યા. સાચું કહેવું કે ખોટું? સાચું કહું તો પણ આટલા મોટા મુંબઈમાં એ મને ક્યાં ગોતવા આવવાની છે?

*ભાગી જવામાં સાથ ચરણનો ન સાંપડ્યો,*
*ઠેકી શક્યો ના પાળ, હું દોડી શક્યો નહીં.*

'વરલી. મેં દોસ્તી હૅલ્પલાઈન વિશે પોસ્ટર વાંચ્યું એટલે તમને ફોન કર્યો.'

'હું મેઘના બોલું છું. હું હૅલ્પલાઈન પર વૉલંટિયર છું. જે લોકોને કોઈ સમસ્યા હોય કે નિરાશા હોય તેઓ અમને ફોન કરે છે. આપ મને શું કહેવા માગો છો ?'

'મને બહુ એકલું લાગે છે.'

'આપને લાગે છે આપ જિંદગીમાં એકલા પડી ગયા છો ?' વૉલંટિયરે સહાનુભૂતિથી એમની વાત દોહરાવી.

'હા હું રિટાયર છું અને આખો દિવસ કાંઈ કરવાનું હોતું નથી. ઘરનાં સૌ પોતપોતામાં પડ્યા હોય છે. કોઈને બે ઘડી મારી સાથે વાત કરવાની ફુરસદ નથી હોતી.'

'આપનાં પત્ની....'

'નથી. એને ગુજર્યે સાત વરસ થઈ ગયાં.'

'એ હોત તો ઘરમાં તમારી સાથે કોઈ બોલવાવાળું રહેત, ખરું ને ?'

'એ તો બહુ બોલકી ને શોખીન હતી. એને પિક્ચરનો ખૂબ શોખ હતો એટલે સારું પિક્ચર લાગ્યું હોય તો અમે જોવા ઉપડી જતાં. એની બહેનપણીઓ, મારા મિત્રોની આવન-જાવન રહેતી. અમે પણ સંબંધીઓ અને મિત્રોના ઘરે જતાં. દિવસ ક્યાં નીકળી જતો એની ખબર જ નહોતી પડતી.'

'તમને તમારાં પત્નીની ખોટ બહુ સાલતી હશે નહીં ?'

'એના વિના હું તો સાવ પાંગળો થઈ ગયો છું. જીવવા જેવું જ નથી લાગતું. ઘણી વાર જીવન ટૂંકાવી નાખવાના વિચાર આવી જાય છે પણ સાચેસાચ આપઘાત કરવાની હિંમત નથી ચાલતી. થાય છે કે કેટલી સરળતાથી ચાલી ગઈ એમ હું શું કરવા ચાલ્યો નથી જતો ? દુનિયામાં રહેવાનું કોઈ કારણ નથી છતાં હું પડ્યો છું ને એ ઘડીકમાં બધું છોડીને ચાલતી થઈ.'

'એમનું મૃત્યુ આકસ્મિક હતું ?'

'સાવ સાજી નરવી હતી. તે દિવસે અમે બે જણા ઘરમાં એકલાં હતાં. રાતે સૂતાં પહેલાં એને જરા અસુખ જેવું લાગતું હતું. મને લાગ્યું કે થાકી ગઈ હશે એટલે મેં એને સૂઈ જવા કહ્યું. સવારે એ ઊઠી જ નહીં. એના હાથની મુઠ્ઠીઓ વાળેલી હતી, મોઢા પર પીડાના ભાવ હતા. મારી બાજુના પલંગમાં જ સૂતી હતી. હું ઘોરતો રહ્યો. એને તકલીફ થાય છે એની ખબર સુદ્ધાં ન પડી. બિચારીએ મને બોલાવવા કોશિશ કરી હશે પણ હું તો...' અચાનક એમનો કાબૂ ચાલ્યો ગયો. એમની નજર સામે અંજનાનો એ વખતનો ચહેરો તાદૃશ થયો ને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

વૉલંટિયરે એમને સાંત્વન આપવાની કોશિશ કર્યા વિના રડવા દીધા. પાણી ભરેલી ગાગર ખાલી થતાં હલકી લાગે તેમ એ પોતાની મેળે સ્વસ્થ થયા.

'ઘણા વખત પછી આજે મારાથી રડી પડાયું...'

'ક્યારેક રડી લેવું પણ સારું હોય છે.' વૉલંટિયરે કહ્યું. બંને જણ વચ્ચે નાનકડો મૌનનો અંતરાલ આવ્યા પછી વૉલંટિયરે પૂછ્યું,

'તમને મિત્રો હશે ને ?'

'એક પછી એક મિત્રો ઓછા થતા જાય છે. હવે તો બે-ત્રણ બાકી રહ્યા છે એ પણ દૂર રહે છે ને માંદા-સાજા રહ્યા કરે છે.

'સાંજે બહાર નીકળતા હશો ને ?'

'ઘરની નજીક પાર્ક છે એમાં મારી જેવા રિટાયર લોકો આવે છે ત્યાં રોજ સાંજે જઈને હું પણ બેસું છું. એ લોકો મિત્રોનું સ્થાન ન લઈ શકે પણ એમની સાથે સાંજનો સમય પસાર થઈ જાય છે. ઘરમાં પાછો આવું કે એનું એ જ. ઘરમાં બહુ કંટાળો આવે છે. આમ તો તંદુરસ્તી સારી છે છતાં તોંતેર વર્ષે ઉંમર પોતાનું કામ કરે જ ને !

'આપને લાગે છે કે ઘરમાં કોઈ આપની સાથે વાતો કરે, આપના પર થોડું ધ્યાન આપે, જે બનતું નથી.'

'એવું નથી બનવાનું એ પણ મને સમજાય છે.' વિભાકરે કહ્યું ને ઉમેર્યું, 'છતાં મને તમારી સાથે વાત કરવાથી બહુ સારું લાગ્યું.'

'તમારે હજી કાંઈ કહેવું છે ?'

'મારું મન હવે હલકું લાગે છે.'

'અત્યારે ન કહેવું હોય તો ફરી જ્યારે મન થાય ત્યારે ફોન કરી શકો છો.'

'ફરી જરૂર હશે ત્યારે હું તમને ફોન કરીશ.'

'તમારા ફોનનો અમને ઈંતઝાર રહેશે. ગુડ ડે!'

બીજા દિવસે વિભાકર એકલા પડ્યા એવી એમને દોસ્તી હૅલ્પલાઈન યાદ આવી, એમણે પાછો ફોન કર્યો.

*દાવાનળોમાં એટલે સળગી જવું પડ્યું,*
*લાગી'તી ત્યારે ઝાળ, હું દોડી શક્યો નહીં.*

'આ દોસ્તી હૅલ્પલાઈન છે...' આ વખતે પુરુષ સ્વર હતો. વિભાકર જરા અચકાયા, એમણે પૂછ્યું : 'મેં ગઈકાલે વાત કરી હતી એ મેઘના મેડમ સાથે વાત કરી શકું?'

'મેઘના આજે હૅલ્પલાઈન પર નથી, પરંતુ હું પણ એની જેમ જ હેલ્પલાઈન વૉલંટિયર છું. તમે આજે મારી સાથે વાત કરી જુઓ.'

'તો તો મારે તમને બધું ફરી પાછું કહેવું પડશે!'

'બિલકુલ નહીં. તમને મેઘના સાથે વાત કર્યા પછી સારું લાગ્યું ને? આજે કેમ લાગે છે?'

'અત્યારે ફરી પાછું એકલું લાગે છે એટલે થયું વાત કરવાથી સારું લાગશે.'

'ચોક્કસ સારુ લાગશે. અત્યારે આપ એકલા છો?'

'વહુ છે પણ એ તો બપોરના સૂઈ જાય.'

'આપને બપોરે ઊંઘ ન આવે?'

'થોડી વાર સૂઈ લીધું. હવે સાંજે ફરવા જઈશ ત્યાં સુધી કાંઈ કરવાનું નથી.'

'કાંઈ કરવાનું જ હોય તો અત્યારે શું કરવાનું ગમે?'

'ગરમાગરમ ભજિયાં ને ચા સાથે વાતો કરવા કોઈ દોસ્ત હોય તો મજા પડી જાય! મિત્રો સાથે ખૂબ જલસા કર્યા છે. સાંજે કામ પછી અઠવાડિયામાં બે વખત ભેગા થતા ને ચા-નાસ્તાની સાથે ગપ્પાંનો દોર ચાલતો. ક્યારેક તો ઘરે પહોંચતાં એટલું મોડું થઈ જતું કે બધાની પત્નીઓ ચિડાતી.'

'ત્યારે તો કામમાં પણ વ્યસ્ત રહેતા હશો.' વૉલંટિયરે કહ્યું.

'હું ચીફ એકાઉન્ટન્ટ હતો. ત્યારે કમ્પ્યુટર નહોતાં પણ શું ઝડપથી હિસાબ કરી શકતો! રિટાયર થવાની ઉંમર થઈ તો પણ કંપનીએ રજા નહોતી આપી.' વિભાકરે ગર્વથી કહ્યું.

'આ હિસાબે તમે ઘણાં વરસ કામ કર્યું હશે.'

'પણ કામ હતું ત્યારે જ મજા હતી. માણસ ઉપયોગી નથી રહેતો ત્યારે એના હોવા ન હોવાથી કશો ફરક નથી પડતો. આજે ઘરમાં જૂની ખુરશીનો પાયો તૂટી જાય તો મને કાંઈ થાય એના કરતાં વધુ ફરક પડશે. મને થાય છે કે માણસ જેવા માણસની કાંઈ કિંમત જ નહીં?'

વૉલંટિયરે એમના આત્મમંથનમાં ખલેલ ન પાડતાં નિઃશબ્દતા સેવી.

વિભાકરે જ વળી કહ્યું : 'મને લાગે છે કે નસીબમાં જે લખ્યું હોય તે ભોગવવું પડે. પણ હવે વાત કરવાનું દિલ થાય તો તમને ફોન કરી શકું છું.'

'ચોક્કસ કરતા રહેજો.'

'હવે ફોન મૂકું? વળીપાછો ક્યારેક કરીશ.'

વિભાકરે દોસ્તી હૅલ્પલાઈનને ત્રીજી વાર ફોન કર્યો ત્યારે જરાયે ખંચકાટ ન થયો, ઉલટાનું કોઈ મિત્રને ફોન જોડતા હોય એવી લાગણી અનુભવી. શરૂઆતની વાતચીત પછી વિષય એમની પત્ની અને કુટુંબજીવન તરફ વળ્યો.

'મારી પત્ની એક કુશળ ગૃહિણી હતી. મારે કમાવા સિવાય કશાની ચિંતા કરવાની ન રહેતી; વ્યવહાર, સગાં-સંબંધીઓ બધાંને એ જ સંભાળતી.'

'આથી તમારા દીકરાને તમે ઘણો સમય આપી શક્યા હશો.' વૉલંટિયરે સ્વાભાવિક નોંધ કરી. વિભાકર વિચારમાં પડ્યા. દીકરા સાથે સમય ગાળવો જોઈએ એવો વિચાર એમને ક્યારેય આવેલો?

'અમે બહાર જતાં ત્યારે દીકરો અમારી સાથે હોય કે પછી ઘરમાં એની સાથે સ્વાભાવિક વાતચીત થતી. બાકી એની જરૂરિયાતો, અભ્યાસ વગેરેનું ધ્યાન મારી પત્ની જ રાખતી.'

'આપનાં પત્ની હતાં ત્યારે કદાચ તેઓ જ દીકરાની વધુ નજીક હશે.'

'કદાચ નહીં, ચોક્કસ જ. મારી સાથે ત્યારેય ખપ પૂરતી જ વાત કરતો. હવે તો એ એટલો વ્યસ્ત રહે છે કે ખપ પૂરતી વાત નથી થતી.'

'આથી આપને કેવું લાગે છે?'

'ઘણી વાર થાય છે કે થોડી વાર મારી પાસે બેસે, બે વાતો કરે પણ એને એવી આદત જ નથી પડી ને!' વિભાકરે કહ્યું ને જરા વિચાર કરીને બોલ્યા : 'તમે તો દૂધનું દૂધ ને પાણીનું પાણી કરી આપો છો. આવું બધું મને પહેલાં ક્યારેય સમજાયું નહોતું.'

પછી તો વિભાકરને દોસ્તી હૅલ્પલાઈનનું જાણે વ્યસન થઈ ગયું. જ્યારે દિલ થાય ત્યારે નંબર જોડી લેતા. મનુષ્ય સંપર્ક માટે ટળવળતા એમના મન-પક્ષીને બેસવા એક

*એ આવશે એંધાણ મળ્યું એનું એ છતાં,*
*એવી પડી'તી ફાળ, હું દોડી શક્યો નહીં.*

ડાળ મળી ગઈ હતી.

વળી એક વાર કંટાળાએ હુમલો કર્યો ત્યારે ફોન જોડીને એમણે વૉલંટિયર પાસે પોતાના કંટાળા વિશે રજૂઆત કરી.

'તમારી હૉબી શું છે?' વૉલંટિયરે પૂછ્યું.

'હૉબી...?'

'એટલે કે તમને શું કરવું ગમે? તમે રિટાયર નહોતા ત્યારે ફુરસદના સમયમાં શું કરતા?'

વિભાકર જરા વિચારીને બોલ્યા, 'ખાસ તો કાંઈ નહીં. રજાના દિવસે મિત્રો ને સંબંધીઓને મળવાનું, છાપાં વાંચવાના ને ટી. વી. જોવાનું.'

'ટી.વી. જોવાનું ગમે છે?'

'આંખની તકલીફ છે એટલે વધુ વાર જોવાતું નથી.'

'તમને નથી લાગતું કે એકાદ હૉબી હોય તો મજા આવે ને સમય પસાર થાય.'

'આજકાલ બધા હૉબી વિશે વિચારે છે એવું પહેલાં કોઈ વિચારતું નહીં. હૉબી કેળવવા વિશે મને ક્યારેય વિચાર નહોતો આવ્યો. હવે બહુ લેટ છું.'

'હૉબી શરૂ કરવા માટે આપણે ક્યારેય મોડા નથી હોતા. આપણે તો આપણા આનંદ ખાતર કાંઈક કરવાનું છે. તમને શું કરવાનું ગમે?'

'પુસ્તક વાંચવાનો બહુ શોખ નથી અને આંખો પણ નથી ચાલતી.' વિભાકર વિચારવા લાગ્યા. 'ચિત્રકામ ને સુથારકામ મને ન ફાવે.'

'ગાર્ડનિંગ?' વૉલંટિયરે સૂચવ્યું.

'મુંબઈમાં ગાર્ડનિંગ માટે જગ્યા ક્યાંથી લાવવી.'

'વધુ જગ્યાની જરૂર નથી. એકાદ બાલ્કની છે? એ પણ ન હોય તો બારીની છત પર કૂંડાં મૂકી શકાય.'

'ના ના, બાલ્કની તો છે.'

'આ બાબત પર વિચાર કરી શકો છો. તમને મજા આવશે ને ઘરની શોભા વધશે એટલે ઘરનાં લોકો પણ રાજી થશે.'

'હું ચોક્કસ વિચારીશ.' વિભાકર સંમત થયા.

વિભાકરને એકલતા હવે પહેલાં જેટલી તીવ્રતાથી નહોતી સતાવતી પણ વિચારતાં એમને ખ્યાલ આવવા લાગ્યો કે જીવનમાં આનંદનો ઝરો શાશ્વત રાખવા રસનું પ્રયોજન આવશ્યક છે.

એક દિવસ વિભાકર વહુની સંમતિ લઈને માટી ભરેલાં બે કૂંડાં ઉંચકાવીને લઈ આવ્યા, એ સાથે એમના ખિસ્સામાં બીનું પૅકેટ પણ હતું. બી વાવ્યાં એટલે રોજ પાણી આપવાનો ઉદ્યમ ચાલુ થયો. પ્રથમ વાર જ્યારે કઠોર માટીને કૂણા કૂણા લીલા ટશિયા ફૂટ્યા ત્યારે એમને બાળજન્મ જેવો આનંદ થયો. રોપાઓનો એમણે જતનપૂર્વક ઉછેર કર્યો ને અઢી-ત્રણ મહિનાની જહેમત પછી છોડ પર નાનાં નાનાં લીલાં ટમેટાં જોઈને એમનું હૈયું નાચી ઊઠ્યું. ટમેટાં પાક્યાં ત્યારે કાઢીને એમણે ગર્વભેર વહુને આપ્યાં. સાંજે જમવામાં સૌએ 'ઑર્ગેનિક' સલાડનાં સ્વાદ અને સોડમની નોંધ લીધી ત્યારે વિભાકરની છાતી ગજ ગજ ફૂલી.

પછી તો વહુએ સૂચવ્યું, 'પપ્પા, ગુલાબ વાવો ને! બાલ્કની કેવી સુંદર દેખાશે!' વિભાકર વિવિધ રંગોના ગુલાબના રોપ લઈ આવ્યા. ગુલાબને વધુ માવજત જોઈએ. હવે વિભાકરનું કામ વધી પડ્યું. ગુલાબના પગલે ઘરની અંદર ઉગનારા થોડા સુંદર છોડ આવ્યા એ સાથે વહુએ કામવાળી બાઈને પપ્પાની મદદ કરવાની સૂચના આપી. ગુલાબને ફૂલો આવતાં થયા પછી વિભાકર છોડ પર વધુ અને વધુ લાંબો સમય સુધી ફૂલો શી રીતે રહે એનું સંશોધન કરવા લાગ્યા. મોટો પૌત્ર ઈન્ટરનેટ પરથી વાંચીને એમને કદીક ટિપ્સ આપતો. દોઢેક વર્ષમાં ઘર અને બાલ્કની તાજાં, રંગબેરંગી અને હરિયાળાં ફૂલ-છોડથી ખીલી ઊઠ્યાં. હરિયાળીની પ્રસન્નતાનો પાસ ઘરમાં આવતા મહેમાનોને પણ લાગતો. વહુ એમને ગૌરવથી સસરાએ ખીલવેલી બાગબાની બતાવતી. એનું દિલ થાય તો એ પણ વિભાકર સાથે બાગકામમાં જોડાતી અને કામ કરતાં વાતનો પ્રવાહ ય વહેવા લાગતો.

'પપ્પા, આવતી કાલે ટીચર્સ ડે છે. આદિત્યના ટીચરને ઘરનાં ગુલાબ આપશું?' કે 'નમુમાસીના દીકરાને ત્યાં દીકરો આવ્યો હોં!'

દોસ્તી હેલ્પલાઈન હવે અનિવાર્ય નહોતી છતાં એની સાથે જે અનુબંધ થઈ ગયો હતો તે કાયમ રહ્યો. ક્યારેક વિભાકર ફોન કરીને વૉલંટિયર સાથે પોતાના ફૂડ-છોડ વિશે વાત કરી લેતા.

***

*આજે સૂતો છું આમ અહીં એ જ કારણે,*
*પાછળ ઊભો'તો કાળ, હું દોડી શક્યો નહીં.*
*- ઉર્વીશ વસાવડા (નવનીત સમર્પણ)*

**સમાચાર** — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુંબઈમાં ભલારા દાદાની પહેડી

શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા મુંબઈમાં ભલારા દાદાની ૨૯મી પહેડી બુધવાર તા. ૨૯-૩-૨૦૧૭ મુલુંડ (વેસ્ટ)માં પી.કે. રોડ પર આવેલ કાલીદાસ ઓપન ગ્રાઉંડ ખાતે બપોરથી યોજાશે. દાદાને પહેડી ધરવાનો સમય બપોરે ૪ વાગે દાદાની પ્રથમ આરતી ૫.૪૫ કલાકે તેમજ સમૂહ દીવડા આરતી રાતે ૮.૩૦ વાગે થશે.

### મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના રવિવાર તા. ૨-૪-૨૦૧૭ ના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે. જેનો ભણાવવાનો લાભ માતુશ્રી મૃદુલા (મંજુલા)બેન આણંદજી રતનશી મૈશેરી - મોટી સિંધોડી વાળાએ લીધેલ છે. ભાવનામાં રિધ્ધી સિધ્ધી મંડળ પધારશે. આવતા ત્રેમાસની ભાવના તા. ૭-૫-૨૦૧૭ના છે.

### ગૃહ ઉદ્યોગની ચૈત્ય પરિપાટી

માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ - મુંબઈ સંચાલીત ગૃહઉદ્યોગની ચૈત્ય પરિપાટી યાત્રા તા. ૧૧-૩-૨૦૧૭ના મુલુન્ડ, ડોંબિવલી, પાબલ, તળેગામ, લોનાવલા તીર્થોના દર્શન, વંદન માટે એક દિવસીય યાત્રા માટે ગયેલ હતી. એમાં સ્ટાફના સર્વે સભ્યો તથા એમના ફેમીલી માથી એક સભ્યને સાથે યાત્રા કરાવેલ હતી. યાત્રા દરમ્યાન સ્તવનો, ધાર્મિક, હાઉસી અને અંતાક્ષરી રમતો રમાડેલ હતી. સવારના નવકારશીનો લાભ ડોંબિવલીમાં દિપક ભવાનજી લોડાયા - સાંયરા અને હેમંત રમેશ ધુલ્લા - તેરાવાળાએ લીધેલ હતો.

### ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ

પ.પૂ. સા.શ્રી કૈવલ્યગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ની પાવન નિશ્રા અને સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા વિધિવિધાન અને લગભગ ૧૫૦ થી વધુ ભાગ્યશાળીઓની હાજરીમાં બારોઈ જિનાલયની ૧૫૫મી તથા ગોએરસમા જિનાલયની ૮૯મી ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ તા. ૧૩-૦૩-૨૦૧૭ તથા ૧૪-૦૩-૨૦૧૭ના રોજ ધામધુમથી ઉજવાયો.

બારોઈના કાયમી ધ્વજાના લાભાર્થી શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર (મુંબઈ) અને ગોએરસમા ધ્વજા રોહણના લાભાર્થી શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ આશાપુરા માતાજીને નમતા ગોસર ભાવિકો રહેલ.

### વરાડીયા મોમાઈ માતા

શ્રી વરાડીયા મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની ભુવાશ્રીની પહેલી ગંધી બદલવાનો કાર્યક્રમ ચૈત્ર સુદ ૧૦, તા. ૬-૪-૨૦૧૭ વરાડીયા મુકામે. પ્રસ્થાન તા. ૪-૪-૨૦૧૭ દાદરથી સયાજી એક્સપ્રેસ.

### દિવ્યાંગોના પરિચય મેળા અને સમુહલગ્નનું આયોજન

શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય ભચાઉ દ્વારા ગુજરાત રાજ્યના દિવ્યાંગ ભાઈ-બહેનો એકમેક સાથે જોડાઈ જીવન જીવે તે માટે પરિચય પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. નોંધણી માટે સંસ્થાની વેબસાઈટ www.navjivantrust.in પરથી ફોર્મ ડાઉનલોડ કરી ભરી શકાય છે. માહિતી માટે દેવજીભાઈ ધેડા (ભચાઉ)નો મો.નં. 7778800965 ઉપર સંપર્ક કરી શકાશે.

### સાંયરા સમાચાર

સાંયરા તીર્થ જિનાલયની ૧૩૯ ધ્વજા રોહણ ઉજવણી નિમિત્તે તા. ૨૬-૨ તા. ૨૮-૨-૨૦૧૭ ફાગણ સુદ ૧ થી ૩ પ.પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવેલ. વિધિકાર સંગીતકાર શ્રી કિશોરભાઈ સંગાર તથા સમાબેન મીર સંગીતની બહુજ રમઝટ બજાવેલ.

તા. ૨૬-૨-૨૦૧૭ના સાંયરા જૈન સંઘ શ્રી પાર્શ્વનાથ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||
**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો
**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**
**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**
સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા
**099798 55686**

પંચકલ્યાણક પૂજા ભણાવામાં આવેલ. તા. ૨૭-૨ના શ્રી અઢાર અભિષેક ભણાવામાં આવેલ.

તા. ૨૮-૨ના સવારના વાગે રથયાત્રા નીકળી હતી. સત્તરભેદી પૂજા ભણાવામાં આવેલ. બપોરના વિજયમૂહૂર્તે ધ્વજાઓ ચડાવવામાં આવેલ : શ્રી મૂળનાયક આદિનાથ ભગવાનની ૧૩૯મી ધ્વજાના દાતા માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા, ગાંધીધામ-મુલુંડ હતા. શ્રી શામળીયા પાર્શ્વનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી જયાબેન દિનેશભાઈ મેઘજી મોમાયાએ લીધેલ. શ્રી અજીતનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે અ.સૌ. પુષ્પાબેન મણીલાલ લોડાયા, ભાડુંપએ લીધેલ.

ડાયમંડ દાતા તથા ગોલ્ડન દાતા તરફથી ત્રણ દિવસની સાધર્મિક ભક્તિ હતી તથા શ્રી શાંતિલાલભાઈની તા. ૨૮-૨ના ૬૨માં જન્મદિવસ નિમિત્તે બપોરના સંપૂર્ણ સ્વામી વાત્સલ્ય જમણના દાતા માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા, ગાંધીધામ-મુલુંડ વાળા હતા.

મુંબઈ દેશાવર કચ્છ થી ૧૫૦ ભાવિકો પધારેલ તથા તા. ૨૮-૨ના વર્ષગાંઠ નિમિત્તે સુથરી, નલીયા, સાંધવ, વારાપધર, દેઢીયા, પ્રજાઉ, વરાડીયા વગેરે સંઘો આવેલ. ૨૫૦થી ૩૦૦ ભાવિકોની હાજરી હતી.

સાયંરા તા. ૧૧-૩-૨૦૧૭ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં રતીલાલભાઈ તથા કલ્પેશ મોમાયા સારી રમઝટ જમાવેલ. તા. ૧૨-૩-૨૦૧૭ના સ્વ. અ.સૌ. હંસાબેન પ્રેમચંદ મોમાયાના છઠ્ઠી પુણ્યતીર્થો નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. જેમાં રતીલાલભાઈ કલ્પેશ તથા કસ્તુરીબાઈ સારી રમઝટ જમાવેલ. તા. ૧૨-૩-૨૦૧૭ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ તથા સ્કૂલમાં પ્રભાવના થયેલ.

### શ્રી ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન નવા ૧૬૦ સભ્યો બન્યા છે. એક પર એક સ્પોન્સર્ડ મેમ્બર યોજનામાં જ્ઞાતિજનો તરફથી અભૂતપૂર્વ સહકાર મળ્યો.

દરેકને મેમ્બરશીપ સર્ટીફિકેટ મોકલી આપવામાં આવ્યા છે. હજુ કોઈને ન મળી હોય તો નીચે મુજબ કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી છે. અમદાબાદ - શ્રી ચેતન ગોવિંદજી શાહ, ભાંડુપ - શ્રી ફાલ્ગુન ખોના, વિનય શાહ, ભાટાપારા - ભીલાઈ - દુર્ગ, રાયપુર, ધમતરી - શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, ડોંબિવલી - શ્રી રમેશ હીરજી લોડાયા, શ્રી વિનય હીરાચંદ લોડાયા, ગદગ - શ્રી સતિશ લુઠીયા, હુબલી - શ્રી ઉદય મહેશ્વરી, હૈદ્રાબાદ - શ્રી મોનિક ધરમશી, જલગામ - શ્રી મહેશ કાંતીલાલ મોતા, નાગપુર - શ્રી મેઘજી ભાણજી શાહ, વડોદરા - શ્રી ચંદ્રેશ દિનેશચંદ્ર નાગડા, અન્ય - શ્રી દીપક ગંગાજર ડાઘા.

૫૩ વર્ષની વય સુધીના જ્ઞાતિજનો એકજ વખત ફક્ત રૂા. ૨૨૦૦/- ભરીને ૫૫ વર્ષની વય સુધી રૂા. ૭૫,૦૦૦/-નું જીવન વિમા જેવું કવર તથા અકસ્માત દુર્ઘટનાનું વધારાનું રૂા. ૧૫,૦૦૦/-નું કવર મેળવી શકે છે. ૫૫ વર્ષની વય બાદ ડીપોઝીટ રૂા. ૨૦૦૦/- નું રકમ બોનસ સાથે પરત મળે છે. રીસ્ક કવર મેમ્બરશીપ તારીખથી ૧ વર્ષ પછી શરૂ થાય છે.

ફોર્મ માટે અગાઉની જાહેરાત મુજબ કાર્યકર્તા આપવા દીપક ગંગાજર ડાઘા (08767753082, kdosss@yahoo.in ) પર સંપર્ક સાધવા વિનંતી છે.

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**
**તન મન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ
**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

ગુડીપડવાની ભાવભરી શુભકામના આપતા આપને સંઘ ભાવિ પેઢી આપણા માટે ગૌરવ લે એવું કહીં કરવા સંકલ્પબદ્ધ અને સજ્જ થઈએ તેવી અપેક્ષા.

**- ચિમન મોતા • તન-મન પરિવાર**

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**


## **નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી દમયંતી દામજી દંડ** | ૧૭૦૧, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 866) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૩૨૪૬ ૪૪૯૪૫ |
| **હેમરાજ માનસી દંડ** | ૧૭૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 853) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૧૯૯ ૮૫૩૩૯ |
| **લલિત દામજી મૈશેરી** | ફ્લેટ ૧૩૦૪, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 848) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **મુકેશ ચંદુલાલ શાહ (શિયાલ)** | ૧૨૦૨, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 831) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **વિનોદ મણશી દંડ** | ૧૭૦૨, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 868) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૮૧૯૨ ૨૦૨૫૫ |
| **શ્રીમતી કસ્તુરીબાઈ ડુંગરશી ખોના** | ૧૬૦૧, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), |
| (PS 804) | મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : ભારતી ૯૯૬૯૫ ૪૦૩૬૯ |
| **શ્રીમતી જ્યોતી હીરાચંદ ગોસર** | બી-૧૧૪, મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ, તુલીંજ બજાર ગલ્લી રોડ, |
| (PS 7301) | નાલાસોપારા (ઈસ્ટ) - ૪૦૧ ૨૦૯. |
| **ધનપતી જીવરાજ લાપસીયા** | એ/૧૦૩, કમરોલ સોસાયટી, પ્રગતી કોલેજની પાછળ, ડી.એન.સી. રોડ, |
| (PS 3423) | દત્ત નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૮૧૯૬ ૯૪૫૪૫ |
| **આકાશ શાંતિલાલ લાલકા** | રૂમ નં. ૧૫, કંચનગૌરી, બી - બિલ્ડીંગ, સમ્રાટ હોટેલ પાસે, |
| (PS 7302) | એન. એસ. એસ. રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૫૯૪૮ ૬૦૫૯૦ |
| **નરેન્દ્ર વિસનજી જીવાણી (મુનવર)** | નં. ૬૮૫, સાવિત્રમ્મા નિલયાસ, ૨જે માળે, ૮મો મેઈન રોડ, |
| (PS 7220) | પી.જે. એક્સટેંશન, દાવણગીરી-૫૭૭૦૦૨. મો.: ૯૯૬૪૬૭૮૯૪૮/૯૪૮૧૦૪૧૩૬૯ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૩-૧૭ | ડોમ્બીવલી | માયરા, ખૂશ્બુ ગૌરવ મેઘાણી (ખોના) | રંગપુર | પુત્રી |
| ૧૪-૦૩-૧૭ | ડોમ્બીવલી | પ્રિયાંશ, દક્ષિતા સાહિલ દિનેશ કેશવજી લોડાયા | મોટી ખાવડી | પુત્ર |
| ૨૩-૦૨-૧૭ | અમેરીકા | જીશા, જીગના દર્શક દિનેશ લોડાયા (શાહ) | સાંધવ | પુત્રી |
| ૨૪-૦૨-૧૭ | ઘાટકોપર | જનવ, કૃપા જય ભરત ધુલ્લા | સેવક ભરૂડિયા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૩-૧૭ | માટુંગા | વિનામી દેવેન્દ્ર ગોવિંદજી ખોના | નલીયા | ૨૮ |
| | નાગપુર | વિશાખા નિખીલ અનીલ ખોના | તેરા | ૨૪ |
| ૨૧-૦૩-૧૭ | કોઈમ્બતુર | રોનક જીતેન ચીમનલાલ દંડ | લાલા | ૨૬ |
| | કલકત્તા | વિધી ખુશાલ મુલજી લાલકા | લાલા | ૨૬ |
| ૨૧-૦૩-૧૭ | ડોમ્બીવલી | પ્રતિક હરીશ વીરચંદ દંડ | સેવક ભરૂડીયા | ૨૭ |
| | અકોલા | શ્વેતા ધર્મેન્દ્ર સોમચંદ લોડાયા | નાની ખાવડી | ૨૪ |
| ૨૧-૦૩-૧૭ | માહિમ | વૈભવ ભરત વાલજી ધરમશી | કોઠારા | ૨૬ |
| | ટીટવાલા | હેતલ લલીત નરશી લોડાયા (પીર) | સુથરી | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૨-૧૭ | ખામગામ | રોનક અજય જવેરચંદ દંડ | પરજાઊ | ૨૫ |
| | ભોપાલ | તેજલ અનિલ કલ્યાણજી ખોના | સાંધવ | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૧૭ | વાશી | મુલજી ટોકરશી ધુલ્લા | સુથરી | ૬૮ |
| ૨૩-૦૩-૧૭ | ઘાટકોપર | તારામતી મણીલાલ પદમશી લોડાયા | સુથરી | ૭૦ |
| ૨૩-૦૩-૧૭ | હુબલી | નવીનચંદ્ર કુંવરજી લાલકા | બાંઢીયા | ૮૩ |

મર્યાદિત સમય માટે

# સેલ

૨૫% સુધી

ગુડી પાડવાના શુભપ્રસંગે
લગ્નદીપ સાથે માણો અલગ અલગ
ટ્રેડીશનલ અને બ્રાઇડલ વેર
કલેક્શન પર ડીસ્કાઉન્ટ

તા : ૨૫ માર્ચ થી - ૫ ઍપ્રિલ ૨૦૧૭

ઑલ ડે ઑપન




સિન્સ ૧૯૮૨

# લગ્નદિપ

લેગસી ટ્રૂડિસન

સાડી | લેંઘા | ડ્રેસેસ | ઈન્ડો વેસ્ટર્ન

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨ ૨૫૬૮ ૦૮૦૭
મોબાઇલ : +૯૧ ૭૬૬૬૬ ૮૮૮૮૧ / +૯૧ ૭૬૬૬૬૨૨૨૨૯



**આભાર...**
**અભિનંદન...**
**અનુમોદના...**



અનંતછાયા રીડેવલપમેન્ટમાં પાયાનો પથ્થર બનીને, શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા (નલીયા) ખુબજ ટુંકા સમયમાં બિલ્ડર શ્રી મુકેશભાઈ દોશી અને કૌશલભાઈ દોશીના સથવારે સૌ અનંતછાયા વાસીઓનાં નવા ઘરના સ્વપ્નને સાકાર કરીને સમીરભાઈનો ખુબ ખુબ આભાર અભિનંદન અનુમોદના કરીએ છીએ...

લી.

**આણંદજી શામજી લોડાયા (રાપરગઢવારી)**
**મનીષ આણંદજી લોડાયા (રાપરગઢવારી)**

UPASANA - 9820167767



**નાગડા, ખોના અને લોડાયા પરિવારનું ગૌરવ**



## C.A. તેજસ જીગ્નેશ ખોના

શિક્ષણમાં સરતાજ સ્વભાવમાં સૌમ્યતા
સુસંસ્કાર સાથે જીવન કારકીર્દીની
તેજસ્વીતા માટે તત્પર
C.A. થયા બાદ DISAમાં ભારતમાં પ્રથમ ક્રમાંકે
(AIR-1) તેમજ CISAમાં પ્રથમ પ્રયાસમાં પાસ
થયા બદલ અભિનંદન.

યશસ્વી જીવનના શુભાશિષ

પ્રીતી નૂતનકુમાર નાગડા
રેખા જીગ્નેશ મુલજી ખોના
નેમ જીગ્નેશ ખોના
નાનાણા : હીમાબાઈ મુલચંદ લોડાયા સહપરિવાર

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (27-03-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# Shree K.D.O. Students Association

63 Shree KDO Students Association

IN ASSOCIATION WITH **SUCCESS MAXX** (TRAINING & CONSULTANCY)

ORGANISE :

## DERMATOGLYPHICS MULTIPLE INTELLIGENCE TEST (DMIT)




~~6500~~

For our Students

10th Std.
₹ 500

11th & 12th Std.
₹ 1500

Above 12th Std.
₹ 2500

Identify Your Inborn Talents Through DMIT

By Dr. Pratik P. Dharamshi



Registration ends on

**15th April 2017**

For more details & contacts : **098199 85339 / 088984 51456**

SHREEKDOVS@GMAIL.COM | /SHREEKDOVS

TEJAS MAHENDRA KHONA (PRESIDENT)



# EKTA LAND DEVELOPERS

જુગલ માણેકજી નાગડા
અંજાર : 08866692666
09978002772
ektaland@gmail.com

જવાહર રોડ, હોટલ દિશા પાસે, નલીયા–કચ્છ. ફોન : ૦૨૮૩૧–૨૨૨૧૯૧

- એક્તા લેન્ડ ડેવલોપર્સ સાથે જોડાયેલ તમામ સભ્યમિત્રો, શુભેચ્છકો, એજન્ટમિત્રો તથા હિતેચ્છુઓ આપ સર્વેની ચાહના અને દિલથી કરેલ મહેનત તેમજ આપના સાથ સહકારથી અને અંતરથી આપેલ આર્શીવાદ થી જ આ શક્ય બનેલ છે.
- એક્તા નગર ૧ ની સ્કીમ પૂર્ણ થઇ ગયેલ છે, દસ્તાવેજ નું કામ ચાલુ છે તો સભ્યમિત્રો એ દસ્તાવેજ બનાવી લેવા.
- એક્તા રૂબી માં ૧૦૦% દસ્તાવેજનું કામ પૂર્ણ થઇ ગયેલ છે.
- એક્તા રૂબી માં રોડ, પાણી, ડ્રેનેજ નું કામ સંપૂર્ણ થઇ ગયે છે. અને લાઇટ નું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

એક્તા લેન્ડ ડેવલોપર્સ નવું નજરાણું ટૂંક સમયમાં – એક્તા ગેલેક્સી (N.A. PLOT)


## C.A. તેજસ જીગ્નેશ ખોના DISAમાં ભારતમાં પ્રથમ ક્રમાંકે



C.A. તેજસ જીગ્નેશ ખોનાએ DISAમાં ભારતમાં પ્રથમ ક્રમાંકે (AIR-1)ને CISAમાં પ્રથમ પ્રયાસમાં પાસ થઈ જ્ઞાતિની એકાઉન્ટસ્ બાબત નિપુણતાની એક વધુ વખત પૃષ્ટિ કરી છે.



## પાસ થયા અભિનંદન

**કૃતિકા** (સાંધાણ–બાગલકોટ)
**મીનલ નીતીન નાગડા**
B.E. Mechanical
CGPA - **9.16**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
Editor : Raichand R. Nagda

To,